ગાંધીનગર સમાચાર

સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં એમ આઇ જી આવાસોનો ડ્રો થશે

# એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસીંગ સેમિનારમાં અવ્યવસ્થા

## મુખ્યમંત્રીનું પ્રવચન પુરૂ થતાં લોકો ઉભા થઈ ગયા તો દરવાજા બંધ કરાયા : ખાવા માટે ભોજન ખુટ્યું : મંત્રીઓ ડાયસ પર બેસી વિડિયો ઉતારતા નજરે પડ્યા : આયોજકોના આયોજનમાં ખામી

ગાંધીનગર, તા. ૨

આજે મહાત્મા મંદિર ખાતે વાયબ્રન્ટ એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસીંગ સેમિનારમાં અવ્યવસ્થાઓની

રાજ્યમંત્રી વઘાસિયા તો ડાયસ પરથી પોતાના મોબાઈલમાં વિડિયો શુટીંગ કરતા અને સેલ્ફી ડાયસની લેતા નજરે પડ્યા હતા. તો આ સેમિનારમાં ભાગ લેવા



આવેલા બે સિનીયર મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને બાબુભાઈ બોખિરીયાએ એક કલાક સુધી પ્રતીક્ષા કરવી પડી હતી.

મહાત્મા મંદિરમાં આજે યોજાયેલ આ પૂર્વ વાયબ્રન્ટ સેમિનારમાં ઉદ્‌ઘાટન પ્રવચન આપી મુખ્યમંત્રી વિદાય થતાં રાજ્યના મુખ્ય સચિવ પણ મંદિર પરિસર છોડી ગયા હતા તો વિભાગના સનદી અધિકારીઓ પણ અર્ધા કલાક પછી મુખ્યમંત્રીને આંધીને લઈ સત્તાવાહકોને દોડતા કરી દીધા હતા.



રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના ઉદ્‌ઘાટન પ્રવચન પછી હાજર રહેલા ખેડૂતો તેમના સ્થાનેથી ઉભા થઈને ચાલતી પકડી હતી. આ વખતે કેન્દ્રીય મંત્રી રૂપાલા અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની સુચનાને પગલે ખેડૂતોને બહાર નીકળતા અટકાવવા માટે દરવાજા બંધ કરવામાં આવ્યા હતા.

આ પછી ભોજન વ્યવસ્થામાં પણ અવ્યવસ્થા ઉભી થતાં કેટલાક ભોજન કક્ષમાં તો થાળીઓ ઉછળી હતી. તો કેટલાક ભોજન કક્ષમાં થયેલા ધસારાને હળવો કરવા અન્ય સ્થાનો પર રાખવામાં આવેલ ભોજન કક્ષમાં લોકોને ખસેડાયા હતા.

ભોજન-વ્યવસ્થાની અવ્યવસ્થા પછી સેમિનારોમાં પણ પાંખી હાજરીથી આયોજકો નિરાશ થઈ ગયા હતા.

વિદાય આપી તેમના સ્થાને પરત ફરતાં લોકોમાં તરેહતરેહની ચર્ચા જાગી હતી.

મહાત્મા મંદિર ખાતે આજનો સેમિનાર નિયત સમય કરતાં મોડો શરૂ થયો હતો અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ સ્વાગત વિધિ સંપન્ન થયા બાદ સેમિનારમાં આવી પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર





કલ્પસૂત્ર શ્રવણ - પર્યુષણના પાંચમાં દિવસે કલ્પસૂત્ર શ્રવણનો મહિમા જૈન સમાજમાં મોટો હોય છે... માતા ત્રિશલાને આવેલા સ્વપ્નોના વાંચન બાદ ઉલ્લાસપૂર્વક જન્મોત્સવની ઉજવણી થાય છે... પારણું ઝુલાવીને ભગવાનના પૂજન-અર્ચન ભાવપૂર્વક થાય છે... સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે શુક્રવાર સવારથી જ ઉજવાયેલા ઉત્સવની તસવીરી ઝલક.....

# સાબરમતીમાં પાણીની આવક વધતા સંત સરોવરના ચાર દરવાજા ખોલાયા

## સંત સરોવરમાંથી ૧૦ હજાર ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે

ગાંધીનગર, તા. ૨

ધરોઈ ડેમમાં ઉપરવાસમાં થઈ રહેલા વરસાદને પગલે આજે ૧૨ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવતાં ઈન્દ્રોડા નજીક નિર્માણ પામેલ સંત સરોવરના ૪ દરવાજા ૨ ફૂટ ખોલી ૧૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ધરોઈ ડેમના ઉપરવાસમાં વરસાદને કારણે થઈ રહેલી પાણીની આવકને પગલે આજે ૧૨ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ગઈકાલ સુધી આ ૨ હજાર ક્યુસેક જેટલુ પાણી છોડવામાં આવતુ હતુ.

સાબરમતી નદી સંપૂર્ણ રિચાર્જ થઈ ગઈ હોવાથી હવે તેમાં જળપ્રવાહની સપાટી પણ વધી રહી છે. આજે સાંજે ધરોઈમાંથી છોડાયેલુ પાણી સંત સરોવર આવી પહોંચતા ડેમના સંચાલકોએ ચાર દરવાજા બે ફૂટ ખોલવાનો નિર્ણય લીધો હતો. હાલ ૧૦ હજાર ક્યુસેક જેટલુ પાણી અહિથી છોડવામાં આવી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# રોડ નં ૬ પર છેલ્લા એક મહીનાથી અંધારપટ્ટ

## સેકટરવાસીઓ પરેશાન : તંત્ર સમક્ષ અનેક રજુઆત કરવા છતા કોઇ પગલા લેવાતા નથી

ગાંધીનગર તા ૨

શહેરમાં સતત વરસાદી માહોલના લીધે સેકટરોમાં સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. ત્યારે સેકટરોમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતા રહીશોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. છેલ્લા ૧૫ દિવસથી સેકટરોમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતા અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. જયારે ઘ-૬ થી અક્ષરધામ તરફના રોડનં ૬ પર છેલ્લા એક મહીનાથી લાઇટો ડુલ છે. જેના પરિણામે સાંજ ઢળતા જ આ વિસ્તારમાં અધારપટ્ટ સર્જાય છે. જાગૃત નાગરિકો દ્વારા તંત્રને અનેક રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. શહેરમાં વરસાદી ઋતુમાં સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. આવા સંજાગોમાં સેકટરોમાં વરસાદી માહોલ વચ્ચે અંધારપટ્ટ છવાઇ જતા સેકટરવાસીઓની દુવિધા વધી છે. સેકટરોના આંતરિક રસ્તા પર અંધારુ છવાયેલુ રહેતા મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સ માટે ભયનુ વાતાવરણ છવાયુ છે. શહેરમાં મોટાભાગના સેકટરોમાં સ્ટ્રીટ લાઇટો ડુલ છે. આમ છતા જવાબદાર તંત્રના પેટનુ પાણી હલતુ નથી સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઇટોના મામલે સર્વે પણ હાથ ધરવામાં આવતો નથી. જયારે આ મામલે સેકટરવાસીઓ દ્વારા અનેક ફરિયાદો કરવામાં આવતી હોવા છતા કોઈ પગલા લેવાતા નથી. રોડ નં -૬ પર છેલ્લા એક મહીનાથી સ્ટ્રીટ લાઇટો ડુલ છે. અક્ષરધામ થી ઘ-૬ વચ્ચેના માર્ગ પર સ્ટ્રીટ લાઇટો ડુલ રહેવાથી સેકટરવાસીઓને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે જાગૃત નાગરિકો દ્વારા માર્ગ મકાન વિભાગના ઈલેક્ટ્રીક ડિવિઝનને રજુઆત કરવા છતા કોઇ પગલા લેવાતા નથી. બીજીતરફ રાત્રિના સમયે તસ્કરવૃતિ સહીત અસામાજિક તત્વાનો ભય આમ નાગરિકોને સતાવી રહયો છે. વિભાગના ઉચ્ચ અધિકારીઓને જાણ કરવા છતા સ્ટ્રીટ લાઇટો ચાલુ થતી નથી.

# ચિલોડા સર્કલ અને આસપાસના ગેરકાયદે દબાણો માટે સામુહિક અભિયાન હાથ ધરાશે

## આજે સંબંધિત વિભાગોના અધિકારીઓની બેઠકમાં આ પખવાડિયામાં નોટીસો બજાવવાની અપાયેલી સુચના

ગાંધીનગર, તા. ૨

ચિલોડા સર્કલ પર થયેલ ગેરકાયદે દબાણોને લઈ આજે જિલ્લાની એક ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે મળી હતી.

વધતા જતા દબાણોની સમસ્યા અંગે આ બેઠકમાં ગંભીર ચર્ચાઓ થઈ હતી. પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે યોજાયેલ આ ઉચ્ચસ્તરીય બેઠકમાં ગુડા, નેશનલ હાઈવે ઓથોરીટી, નેશનલ હાઈવે ડિવીઝન, કેપીટલ પ્રોજેક્ટ, પંચાયત સહિતના વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેર માટે પ્રવેશદ્વાર પૂર્વ પટ્ટીનું મુખ્ય વિકાસ પામતુ કેન્દ્ર ચિલોડા ઉભરી રહ્યુ હોવાથી અહિની ગંદકી અને ગેરકાયદે દબાણો અંગે ઊંડી ચિંતાની લાગણી સાથે આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા માટેનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ માટે અધિકારીઓ ગામે-ગામ પહોંચ્યા

## ૨.૨૫ લાખ લોકોને આજે આવરી લેવાયા : ૬૧૮ના લોહીના નમૂના લેવાયા : ૨૦ થી વધુ ગામોમાં અધિકારીઓ પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના દર્દીઓ શોધવા અંગેના ચાલી રહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે આરોગ્યના દસથી વધુ અધિકારીઓ જોડાયા હતા અને સમગ્ર સર્વેલન્સની કામગીરીનું મોનીટરીંગ સ્થળ પર જઈ કર્યું હતું.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીના નેતૃત્વમાં આજે આ અધિકારીઓએ ૨૦ થી વધુ ગોમાં જઈ અને સમગ્ર સર્વેલન્સની કામગીરીનું મોનીટરીંગ કરી સઘન ઝુંબેશ હાથ ધરી હતી.

આજે મેલેરિયા તંત્રની ૨૬૪ જેટલી ટીમોએ ૫૪,૩૯૧ ઘરોમાં તપાસ કરી ૨,૨૧,૨૧૧ લોકોને સર્વેલન્સમાં આવરી લીધા હતા. ટીમોએ આજે ૨૨૦૦ જેટલા સ્થાનો પરથી મચ્છરોના લારવા પકડી પાડી અને પોરાનાશક કામગીરી કરી હતી.

સર્વેલન્સ દરમ્યાન ૬૧૮ વ્યક્તીઓને તાવ જણાતાં તેમના લોહીના નમુના પણ લઈ અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે. મળતી વિગતો મુજબ છેલ્લા બે દિવસમાં પાંચ જેટલા મેલેરિયા પોઝીટીવના દર્દીઓ મળી આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે વાહકજન્ય રોગચાળાના સર્વેલન્સમાં આજે ૬૦થી વધુ ગામોને આવરી લેવામાં આવ્યા હતા. શનિવાર પછી સોમવાર અને મંગળવારે પણ સર્વેલન્સની આ કામગીરી ચાલુ રાખવામાં આવશે. જેથી સમગ્ર જિલ્લાના ગામોમાં આ કામગીરી સંપન્ન થઈ શકે.

જિલ્લામાં મચ્છરોના પોરા મોટી સંખ્યામાં મળી આવ્યા છે પરંતુ પોરાનાશક કામગીરી કરવામાં આવતાં આ વખતે પણ મેલેરિયા, ડેન્ગ્યુના કેસો ઓછા મળે તેવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પૂર્વ કોષાધ્યક્ષ અને શહેરના જાણીતા તબીબ ડૉ. ગૌરાંગ થાનકીના પિતાશ્રી ગુણવંતરાય થાનકીનું આજે વહેલી સવારે અવસાન થયું હતું. સદ્દગતની અંતિમયાત્રામાં અગ્રણી નાગરિકો અને જ્ઞાતિજનો જોડાયા હતા.

# શાંતિગ્રામ સાઈટ પરથી સાડા છ ફૂટનો અજગર પકડાયો

## ઇન્દ્રોડા પ્રકૃતિ ઉધાનને સોંપી દેવાયો : કેનાલ વિસ્તારમાં પાણી છોડાતા ટ્રાવેલીંગ કરી અહીં પહોંચ્યો હોવાનુ મનાઇ છે : સ્નેક સ્કોડના સભ્યોએ મહામહેનતે સાડા છ ફુટના રોક પાઇથનને પકડી વન વિભાગને સોંપી દીધો



ગાંધીનગર તા ૨

ખોરજ ખોડીયાર નજીક સ્થિત અદાણી શાંતિગ્રામ સાઈટ નજીકથી આજે સવારે માંદા અજગર ઝડપાયો હતો. સાડા છ ફુટ લાંબા અજગરનો સિડયુઅલ વનમાં સમાવેશ થતો હોવાથી વન વિભાગને સોંપવામાં આવ્યો હતો. વન વિભાગે આ રોક પાઈથનને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સોંપવામાં આવ્યો હતો. કેનાલમાં પાણી છોડવામાં આવતા અજગર ટ્રાવેલીંગ કરી અહીં પહોંચી ગયુ હોવાનુ પણ માનવામાં આવી રહયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં એમ આઈ જી આવાસોનો ડ્રો થશે

## ગુડા દ્વારા એમ આઇ જી આવાસ યોજના અન્વયે મકાનો ફળવાશે

ગાંધીનગર તા ૨

ગુડા દ્વારા કુડાસણ વિસ્તારમાં એમ આઈ જી કક્ષાના મકાનો માટે મહીનાના બીજા સપ્તાહમાં ડ્રો ની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. એમ આઈ જી કેટેગરીના ૫૦૦ જેટલા મકાનો બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. અરજદારો પણ લાંબા સમયથી આ મકાનોના ડ્રો માટે આતુરતાથી વાટ નિહાળી રહયા છે. ત્યારે ગુડા તંત્ર દ્વારા ડ્રો ની કાર્યવાહી હાથ ધરવા માટે ગતિવિધિઓ હાથ ધરી દેવામાં આવી છે.

ગુડા દ્વારા રાયસણ ચિલોડા તેમજ અડાલજમાં શુભ લાભ આવાસ યોજના તૈયાર કરી લાભાર્થીઓને ૧૧૪૦ જેટલા મકાનોની ફાળવણી કરી દેવામાં આવી છે. જો કે હજુ પણ આ પૈકી ઘણાં ખરા લાભાર્થીઓએ આવાસનો કબજો મેળવ્યો નથી. ત્યારે ગુડા દ્વારા જાહેર કરાયેલી એમ આઈ જી આવાસ યોજનાનો ડ્રો પણ ટુંક સમયમાં કરવામાં આવશે ગુડા તંત્ર દ્વારા આ માટેની જરૂરી તમામ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. સપ્ટેમ્બર મહીનાના બીજા સપ્તાહમાં એમ આઈ જી આવાસ યોજના અન્વયે ડ્રોની પ્રક્રીયા હાથ ધરવામાં આવે તેવી પણ સંભાવના છે. જો કે આ યોજના જાહેર કરાયા બાદ લાભાર્થીઓએ ઉત્સાહભેર ફોર્મ ભર્યા હતા. પરંતુ લાંબા સમયથી ડ્રો ન થતા અરજદારો મકાનની ફાળવણી માટે આતુરતાપુર્વક રાહ જોઈ રહયા છે ત્યારે ગુડા તંત્ર દ્વારા એમ આઈ જી આવાસ યોજના અન્વયે ટુંકમાં જ ડ્રોની કાર્યવાહી હાથ ધરવાની દિશામાં તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

બેસણું



અમારા પ.પૂજ્ય પિતાશ્રી કનુજી બબાજી વણઝારાનું દુઃખદ અવસાન તા. ૦૧/૦૯/૨૦૧૬ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૦૪/૦૯/૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ ક્લાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : પ્લોટ નં. ૧૧૧૯-૦૧, સેક્ટર-૩-ડી, ગાંધીનગર
મો. ૯૫૩૭૫૪૫૫૫૫, ૯૭૨૭૨૫૪૯૦૦, ૯૪૨૬૦૧૧૦૭૧

લિ,
વણઝારા ગોવિંદભાઈ કનુજી (પુત્ર)
વણઝારા વિજયભાઈ કનુજી (પુત્ર)
વણઝારા સદરાજી ગોપાળજી (ભાઈ)
વણઝારા ભગાજી બબાજી (ભાઈ)
વણઝારા જશુજી બબાજી (ભાઈ)
વણઝારા મઘુજી બબાજી (ભાઈ)

નોંધ : વણઝારા સમાજની ટોણા (બારમું) વિધી તા. ૧૨-૦૯-૨૦૧૬ને સોમવારના રોજ ઉપરોક્ત સરનામે રાખેલ છે.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com